જાગૃત કરો, ઉધૃત કરો, નિર્ભય કરો હે, મંગલ કરો, નિરમલ, નિઃસંશય કરો હે

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૬ | ૧૬ એપ્રિલ, ૨૦૨૦, ગુરૂવાર; ચૈત્ર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# લોકડાઉન-૨ના આરંભે માર્ગદર્શિકા જાહેર

**આર્થિક ગતિવિધિઓને મર્યાદિત અને કૃષિ ક્ષેત્રને આખરે પૂર્ણ છુટ : થૂંકવા પર જંગી દંડ ફટકારાશે : સ્કુલ, કોલેજો, વિમાની યાત્રા, ટ્રેનની સેવા બંધ હશે : ધાર્મિક કાર્યક્રમ બંધ : સિનેમા હોલ, મોલ્સ, શોપિંગ કોમ્પ્લેક્ષ, જીમ, સ્વિમિંગ પુલ ત્રીજી સુધી બંધ રહેશે : લગ્ન પ્રસંગ બંધ રહેશે : આઈટી કંપનીઓને શરતી કામની લીલીઝંડી**



નવીદિલ્હી, તા. ૧૫
કોરોના વાયરસના હાહાકાર વચ્ચે લોકડાઉન-૨ની જાહેરાત મંગળવારના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે કેન્દ્ર સરકારે કઠોર માર્ગદર્શિકા અથવા તો ગાઈડલાઈન્સ જારી કરી હતી. કેન્દ્ર સરકારે ગાઈડલાઈન્સ જારી કરીને સાફ શબ્દોમાં કહ્યું છે કે, હાલમાં સ્થિતિ એવી જ રહેશે જેવી છેલ્લા ૨૧ દિવસમાં રહી છે. સ્કુલ, કોલેજો બંધ રહેશે. શિક્ષણ સંસ્થાઓ, કોચિંગ કેન્દ્રો, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વિમાની સેવા, ટ્રેન સેવાઓ ત્રીજી મે સુધી બંધ રહેશે. સિનેમા હોલ, મોલ, શોપિંગ કોમ્પ્લેક્ષ, જીમ, રમત ગમતના સંકુલો, સ્વિમિંગપુલ, બાર ત્રીજી મે સુધી બંધ રહેશે. આ ઉપરાંત તમામ સામાજિક, રાજકીય, રમતગમત, ધાર્મિક કાર્યક્રમ, ધાર્મિક સ્થળો, પ્રાર્થના સ્થળો ત્રીજી મે સુધી જનતા માટે બંધ રહેશે. જો કે, ખેડૂતો સાથે જોડાયેલી તમામ કામીગીરીને લીલીઝંડી આપી દેવામાં આવી છે. ખેતી સાથે જોડાયેલી તમામ

● અનુસંધાન પાન-૭ પર

## કોને કોને રાહતો અપાઈ...

- ખેતી સાથે સંબંધિત તમામ ગતિવિધીઓ ચાલુ રહેશે
- ખેડૂતો અને કૃષિ મજુરોને હાર્વેસ્ટિંગ સાથે જોડાયેલા કામ કરવાની મંજુરી
- કૃષિ સંશાધનોની દુકાનો, રિપેરિંગ અને સ્પેરપાર્ટ્સની દુકાનો ખુલ્લી રહેશે
- ખાતર, બિયા, જંતુનાશકોના નિર્માણ અને વિતરણની ગતિવિધિ ચાલુ રહેશે
- કાપણી સાથે જોડાયેલી મશીનો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લઈ જવા પર છુટછાટ રહેશે
- મછલીપાલન સાથે જોડાયેલી ગતિવિધિ અને પરિવહન ચાલુ રહેશે
- દૂધ ઉત્પાદનના પ્લાન્ટ અને તેમના સપ્લાય ચાલુ રહેશે
- પ્રાણીઓના ચારા સાથે જોડાયેલા પ્લાન્ટ, રો-મટિરિયલ્સ પુરવઠો ચાલુ રહેશે
- ગ્રામિણ ક્ષેત્રોમાં કામ કરનાર ઉદ્યોગોને છુટછાટ
- સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં મેન્યુફેક્ચરિંગ અને બીજા ઔદ્યોગિક એકમોને શરતો સાથે મંજુરી
- મેન્યુફેક્ચર કંપનીઓ અને એકમોને વર્કરોને જાળવવા પડશે
- કિરાણાની દુકાનો, રેશનિંગની દુકાનો, ફળફળાદી, શાકભાજી, મિટ, મછલી, પોલ્ટ્રી, ડેરી, મિલ્ક દૂધની દુકાનો ખુલ્લી રહેશે
- પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડિયાને છુટછાટ રહેશે
- ડીટીએચ અને કેબલ સર્વિસને પણ છુટછાટ રહેશે
- આઈટી સાથે જોયેલી કંપનીઓને વર્કફોર્સના ૫૦ ટકા સ્ટ્રેન્થ સાથે કામ કરવાની મંજુરી
- ઈ-કોમર્સ કંપનીઓની ગતિવિધિ તથા તેમના ઓપરેટરોની ગાડીઓને છુટછાટ રહેશે
- સરકારી કામમાં લાગેલા ડેટા અને કોલ સેન્ટરને મંજુરી
- પ્રાઈવેટ સિક્યુરિટી સર્વિસને મંજુરી
- હોસ્પિટલ, નર્સિંગ હોમ, ક્લિનિક, ટેલિમેડિસિનની સુવિધા ચાલુ રહેશે
- દવાખાના, દવાની દુકાનો, ફાર્મસી, તમામ પ્રકારની દવાની દુકાનો, જન ઔષધી કેન્દ્રો અને મેડિકલ સાધનોની દુકાનો ખુલ્લી રહેશે
- ફાર્માસ્યુટીકલ અને મેડિકલ રિસર્ચ લેબ જારી રહેશે
- ડ્રગ્સ, ફાર્મા, મેડિકલ સાધનો, મેડિકલ ઓક્સિજન, પેકેજિંગ મટિરિયલ્સ, રો-મટિરિયલ્સ બનાવતી કંપનીઓ ચાલુ રહેશે
- એમ્બ્યુલન્સના નિર્માણ સહિત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી જારી રહેશે
- કૃષિ પેદાશોની પ્રાપ્તિમાં સામેલ રહેલી સંસ્થાઓ, એમએસપીની ઓપરેશન પ્રક્રિયા ચાલુ રહેશે
- એપીએમસી દ્વારા ઓપરેટેડ મંડીઓ જારી રહેશે
- એગ્રીકલ્ચર મશીનરોની દુકાનો જારી રહેશે
- રિઝર્વ બેંક, આરબીઆઈ રેગ્યુલેટ ફાઈનાન્સિયલ માર્કેટો, એનપીસીઆઈ, સીસીઆઈએલ, પેમેન્ટ સિસ્ટમ ઓપરેટરોની સેવા ચાલુ રહેશે
- બેંકિંગ ઓપરેશન માટે આઈટી વેન્ડર, એટીએમ અને બેંક શાખાઓ ચાલુ રહેશે
- બીબીટી કેસ ટ્રાન્સફરની પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી બેંક શાખાઓને નોર્મલ કલાકો સુધી કામ કરવાનું રહેશે
- બેંક શાખા પર પુરતા સુરક્ષા જવાનો પુરા પાડવાના રહેશે
- સેબી અને કેપિટલ તથા ડેબ્ટ માર્કેટની સેવાઓ ચાલુ રહેશે
- ઈન્સ્યોરન્સ કંપનીઓ અને આઈઆરડીઆઈ કંપનીઓ ચાલુ રહેશે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરથી દૂર કન્સ્ટ્રક્શનને મંજુરી

**ગ્રામિણ અર્થવ્યવસ્થામાં નવા પ્રાણ ફૂંકવા નિર્ણય : મનરેગા મજદુરોને પણ શરતો સાથે કામ કરવા લીલીઝંડી**

નવી દિલ્હી, તા. ૧૫
મોદી સરકારે લોકડાઉન-૨ની સ્થિતિમાં આજે કેટલીક શરતો સાથે ઘણી બધી પ્રવૃત્તિઓને લીલીઝંડી આપી દીધી હતી. આમા મહત્વપૂર્ણ બાબત કન્સ્ટ્રક્શન સાથે જોડાયેલી બાબતો પણ છે. સરકારે નગરની મર્યાદાથી દૂર હવે કન્સ્ટ્રક્શનની પણ મંજુરી આપી દીધી છે. રોજગાર ઉપલબ્ધ કરાવવાની દ્રષ્ટિએ જોવામાં આવે તો કૃષિ બાદ કન્સ્ટ્રક્શનમાં સૌથી વધારે લોકો નોકરી કરે છે. સરકારે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, એવા વિસ્તારમાં જ માત્ર ભવન નિર્માણ થશે નહીં બલ્કે માર્ગો પણ બનશે. માળખાગત રચનાઓની મોટી યોજના પણ આગળ વધશે. ઈંટ અને ભઠ્ઠાઓને પણ મંજુરી આપી દીધી છે. સામાન્યરીતે તો ઈંટ અને ભઠ્ઠા સામાન્યરીતે નગરની મર્યાદાથી દૂર હોય છે. કન્સ્ટ્રક્શન ક્ષેત્રની ગણતરી જીડીપીમાં સેકન્ડરી સેક્ટરમાં થાય છે. હાલના સમયમાં સેકન્ડરી સેક્ટરની તેમાં ભાગીદારી ૨૭ ટકાની આસપાસ છે તેમાંથી જો અડધાને પણ કન્સ્ટ્રક્શનને ગણવામાં આવે તો આ આંકડો ૧૩ ટકાની આસપાસ પહોંચે છે. નવી માર્ગદર્શિકામાં ગ્રામિણ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૦૩૩૮૦૭ | ૧૨૯૮૭૬ | ૯૭૮૦૦૦ |
| ભારત | ૧૨૩૨૧ | ૪૨૦ | ૧૪૯૮ |
| ગુજરાત | ૭૬૬ | ૩૩ | ૬૪ |
| ગાંધીનગર | ૧૬ | ૦૧ | ૦૮ |

## બે ત્રણ સપ્તાહ નિર્ણાયક હશે : હર્ષવર્ધન

**૧૭૦ જિલ્લાઓ હોટસ્પોટ અને ૨૦૭ નોન હોટસ્પોટ જાહેર કરાયા : ૨૪ કલાકમાં ૧૦૭૬ નવા કેસની સાથે દેશમાં સંખ્યા વધીને હવે ૧૨ હજારની નજીક : મોતનો આંક ૩૯૨ : કોરોનાને રોકવા જિલ્લાઓની ૩ કેટેગરી બની**

નવીદિલ્હી, તા. ૧૫
કોરોના વાયરસ કેસોના ફેલાવવા અને તેની વધતી જતી કેસોની સંખ્યાના સંદર્ભમાં અને દેશમાં કોરોનાની સ્થિતિના મામલામાં આજે આરોગ્ય મંત્રાલય, ગૃહમંત્રાલય અને સંબંધિત વિભાગો દ્વારા તમામ આંકડા જારી કરવામાં આવ્યા હતા. આરોગ્ય મંત્રાલય દ્વારા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં કોરોનાના કેસો વધ્યા છે પરંતુ કોમ્યુનિટી ટ્રાન્સમિશનના હજુ સુધી કોઈ વધારે મામલા નથી. લોકલ ફેલાવવાના સમાચાર જ મળી રહ્યા છે. આરોગ્ય મંત્રાલયના કહેવા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૭૬થી વધુ કોરોના કેસો સપાટી ઉપર આવ્યા છે. સાથે સાથે મંત્રાલયના કહેવા મુજબ જે વિસ્તારમાં અથવા તો જે જિલ્લામાં કેસો નોંધાયા છે પરંતુ હોટસ્પોટ નથી તે વિસ્તારમાં વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. લોકડાઉનની સમય મર્યાદા ત્રીજી મે સુધી વધારી દેવામાં આવ્યા બાદ સરકાર સમગ્ર દેશમાં કોવિડ-૧૯ મેનેજમેન્ટને વધુ મજબૂત કરી રહી છે. આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા લવ અગ્રવાલે કહ્યું હતુ કે, જિલ્લાઓને સ્પેશિયલ કોવિડ સેન્ટર તૈયાર કરવાના નિર્દેશ આપી દેવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, ક્લિનિકલ મેનેજમેન્ટની વ્યવસ્થા મજબૂત

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- ખાડીયા - જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ૧૪ દિવસમાં ૨ હજારથી વધુ લોકોના સંપર્કમાં આવ્યા હતા.
- કેરળમાં રિકવરીનો રેટ સુધરી રહ્યો છે.
- મહારાષ્ટ્રમાં ૭૦ ટકા કોરોનાના દર્દીઓ ૨૧થી ૫૦ વર્ષની વય જુથના છે.
- દેશમાં ૧૭૦ જિલ્લાઓ હોટસ્પોટ તરીકે નિશ્ચિત કરાયા. જ્યારે ૨૦૭ જિલ્લા સેમી હોટસ્પોટ જાહેર કરાયા.
- ટ્રમ્પે ડબલ્યુ એચ ઓને ફંડ આપવાનું બંધ કરવાનો હુકમ કર્યો છે.
- દેશમાં ચોમાસુ ૯૫ થી ૧૦૦ ટકાની વચ્ચે રહેશે.
- અમદાવાદ મહાનગર પાલિકાના કોંગ્રેસના નેતા બદરૂદીન શેખ, તેમના પત્ની અને તેમના કામવાળીને કોરોના પોઝિટિવ જાહેર થયો.
- દેશના સૌથી વધુ કોરોના પ્રભાવિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૯૧૬ |
| દિલ્હી | ૧૫૬૧ |
| તામીલનાડુ | ૧૨૪૨ |
| રાજસ્થાન | ૧૦૪૬ |
| મધ્યપ્રદેશ | ૯૩૮ |
| ઉત્તરપ્રદેશ | ૭૩૫ |

## કોવિડ કટોકટીની વચ્ચે બીજુ પેકેજ ટૂંક સમયમાં જ ઘોષિત

નવી દિલ્હી, તા. ૧૫
વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી નિર્મલા સીતારામન ટૂંક સમયમાં જ મળનાર છે જેમાં કોરોના વાયરસની કટોકટી વચ્ચે બીજા સ્ટીમ્યુલસ પેકેજની વિગતોને આખરી ઓપ આપવામાં આવશે. કોવિડ-૧૯ની અસરને ઘટાડવાના હેતુસર આ પગલા લેવામાં આવનાર છે. મોદી અને નિર્મલા સીતારામન વચ્ચેની આ બેઠકમાં નાણામંત્રાલય અને પીએમઓ ઓફિસના વરિષ્ઠ અધિકારીઓ ભાગ લેશે. આ સપ્તાહમાં કોઈપણ સમયે પેકેજની જાહેરાત થઈ શકે છે. શહેરી અને ગ્રામિણ ગરીબ લોકોમાં રાહત આપવા, સમાજના વંચિત વર્ગ, માઈક્રો, સ્મોલ અને નાના ઉદ્યોગને રાહત આપવાના હેતુસર આ પેકેજમાં વ્યવસ્થા રહેશે. સૌથી અસરગ્રસ્ત રહેલા સેક્ટરોને પણ આવરી લેવામાં આવશે. ગયા મહિનામાં નિર્મલા સીતારામને ૧.૭ ટ્રિલિયન રૂપિયાના સ્ટીમ્યુલસ પેકેજની જાહેરાત કરી હતી જેમાં મફત અનાજ અને ટાર્ગેટ કરવામાં આવેલા લાભ મેળવનાર લોકો માટે સીધી રોકડ રકમ જમા કરવા જેવા પગલા લેવાયા હતા.

સાથે સાથે એમ્પ્લોઈમેન્ટ ગેરંટી પ્રોગ્રામ હેઠળ પગારમાં વધારો કરવામાં આવ્યો હતો. સરકારી અધિકારીઓના કહેવા મુજબ આ અંતિમ કોવિડ સંબંધિત સ્ટીમ્યુલસ પેકેજ રહેશે તેમ માની લેવાઈ નહીં. વધુ પગલા પણ મોડેથી લેવામાં આવી શકે છે. લોકડાઉનને ઉઠાવી લેવામાં આવ્યા બાદ પણ કેટલાક પગલા જાહેર થઈ શકે છે.

## દેશમાં કુદકે-ભૂસકે વધતા કોરોનાના કેસ

**દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧૨૩૨૧ : ૩૭૭થી વધુના મોત**

ન્યુ દિલ્હી,તા.૧૫
ભારતમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૧૧ હજારને પાર કરી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અંદાજે ૭૦૦ નવા કેસો સામે આવ્યાં છે. સ્વાસ્થ્ય વિભાગના રિપોર્ટ પ્રમાણે, હાલ દેશમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસોનો આંકડો ૧૨૩૨૧ થઈ ગયો છે. દેશમાં અત્યાર સુધી આ જીવલેણ વાઈરસે ૩૭૭ લોકોનો જીવ લીધો છે, જ્યારે આ બીમારીથી ૧૩૦૬ લોકો સ્વસ્થ થઈ ચૂક્યાં છે.

કોરોના વાઈરસથી સૌથી વધુ અસરગ્રસ્ત મહારાષ્ટ્ર છે. અહીં અત્યાર સુધીમાં ૨૬૮૭ કેસો સામે આવી ચૂક્યાં છે, જ્યારે ૧૭૮ લોકો મોતને ભેટ્યા છે. બીજા નંબર પર દિલ્હી છે. જ્યાં ૧૫૬૧ પોઝિટિવ કેસો સામે આવ્યા છે અને ૩૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં માત્ર ૫૧ નવા કેસો સામે આવ્યા છે.

ત્રીજા નંબર પર તમિલનાડુ છે. જ્યાં ૧૨૦૪ કેસો સામે આવી ચૂક્યા છે અને ૧૨ લોકો મોતને ભેટ્યા છે. જ્યારે આંધ્ર પ્રદેશમાં અત્યાર સુધી ૪૮૩ કેસ (૯ના મોત), આંદામાન-નિકોબારમાં ૧૧ કેસ, અરૂણાચલ પ્રદેશમાં ૧, અસમમાં ૩૨ (૧નું મોત), બિહારમાં ૬૬ કેસ (૧નું મોત) ચંદીગઢમાં ૨૧ પોઝિટિવ કેસો નોંધાઈ ચૂક્યાં છે. આ ઉપરાંત છત્તીસગઢમાં ૩૩, ગોવામાં ૭, ગુજરાતમાં ૬૫૦, હરિયાણામાં ૧૯૯ કેસ, હિમાચલ પ્રદેશમાં ૩૩, જમ્મુ-કાશ્મીરમાં ૨૭૮, ઝારખંડમાં ૨૭, કર્ણાટકમાં ૨૬૦ કેસ સામે આવ્યા છે.

## અમેરિકામાં એક જ દિવસમાં ૨૪૨૦નો ભોગ લેવાયો

વોશિંગ્ટન, તા. ૧૫
અમેરિકામાં કોરોનાનો હાહાકાર જારી રહ્યો છે. નવા મોતની સાથે સંખ્યા વધીને ૨૬૦૬૪ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે કેસોની સંખ્યા વધીને ૬૧૪૨૪૬ સુધી પહોંચી ગઈ છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકના




ગાળામાં જ વધુ ૨૪૨૦ જેટલા લોકોના મોત થઈ ગયા છે જ્યારે અમેરિકાની સ્થિતિ કોરોનાને લઈને કેટલી ગંભીર બનેલી છે. સ્થિતી બેકાબુ બન્યા બાદ ન્યુયોર્કને સંપૂર્ણ લોકડાઉન કરવાનો નિર્ણય માટે રાત્રિગાળામાં મૃતકોને બહાર લઈ જવામાં આવી રહ્યા છે. ટ્રમ્પ

**ન્યુયોર્ક સૌથી કોરોનાગ્રસ્ત : અમેરિકામાં ૨૭૦૯૧ નવા કેસ સપાટીએ**

૨૪ કલાકના ગાળામાં જ ૨૭૦૯૧ જેટલા નવા કેસ સપાટી ઉપર આવ્યા છે જે દર્શાવે છે કે, ન્યુયોર્કમાં સૌથી વધારે પ્રભાવિત છે. ન્યુયોર્ક અને અન્ય અમેરિકી શહેરોમાં સ્થિતી વિકટ બની છે. કરવામાં આવ્યો છે. સ્થિતિ એવી ઉભી થઈ છે કે, મોતના આંકડાને લઈને લોકો ભયભીત ન બને તે વહીવટીતંત્ર બિલકુલ દિશાહીન છે. તેમના પગલા બિલકુલ

● અનુસંધાન પાન-૭ પર